# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
## શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૩ તા. ૧૫.૦૪.૨૦૧૯

-----------

**રક્ષા ક્ષેત્રમાં મેઈક ઈન ઈન્ડિયા અંતર્ગત બનેલા હથીયારોથી દેશને એક લાખ સિત્તેર હજાર કરોડની બચત થઇ છે - શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

**દેશની એકતા અને અખંડિતતા તોડવાનો પ્રયાસ કરનાર વિચારધારાને દેશહિત અને દેશદાઝ ધરાવતાં લોકો ક્યારેય સમર્થન નહીં આપે - શ્રી વિજયભાઇ રૂપાણી**

---------

**દેશ અને વિવિધ સમાજના સર્વાંગી વિકાસ માટે સ્થિર, પ્રમાણિક, મજબૂત અને સક્ષમ નેતૃત્વવાળી સરકાર જરૂરી છે. કોંગ્રેસ કે ગઠબંધનમાં આમાનો એકપણ ગુણ જોવા મળતો નથી - શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

**ભાજપાની સરકાર ગરીબો, વંચિતો, કિસાનો, પિડીતો અને શોષીતો માટે કામ કરી રહી છે-શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

**ભારત દેશ જે રીતે તેજ ગતિથી વિકાસની યાત્રા કરી રહ્યો છે, તે જોતાં લાગે છે કે, આવનારા ભાજપાના શાસનના પાંચ વર્ષોમાં આ વિકાસની ગતિ વધુ રફતાર પકડશે – શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

**ગુજરાતીઓએ કોંગ્રેસને બતાવી આપવવાનું છે કે, તમે ગમે તેટલો ભાજપા ઉપર કાદવ ઉછાળશો પણ કમળ તો એ જ કાદવમાં સોળે કળાએ ખીલી ઉઠશે – શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

આજરોજ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ પોરબંદર લોકસભા બેઠકના ઉમેદવાર શ્રી રમેશભાઇ ધડુકના સમર્થનમાં કેશોદ ખાતે એક વિશાળ જનમેદનીને સંબોધતા જણાવ્યું હતું કે, લોકસભાની આ વખતની ચૂંટણીમાં સૌથી મહત્વનો મુદો એ છે કે, આ દેશ કોના હાથમાં સલામત છે. જ્યાં દેશની સુરક્ષાની વાત આવે ત્યારે દેશને શક્તિશાળી બનાવવા માટે આપણી ત્રણેય સેનાને અત્યાધુનિક યુધ્ધ વિમાનો, ટેન્કો, જવાનો માટે બુલેટપ્રુફ જેકેટ અને આધુનિક રાઇફલો જેવી સામગ્રીઓથી સુસજ્જ કરવી પડે, જેના માટે શ્રી નરેન્દ્રભાઇ મોદી એકદમ સજાગ છે. તેમનું મિશન છે કે ૨૦૨૪ સુધી ભારતીય સેનાને વિશ્વની સૌથી શક્તિશાળી સેના બનાવવી છે, જેથી કોઇ દુશ્મન દેશ ભારત સામે ઉંચી આંખ કરીને ના જોઇ શકે. રક્ષા ક્ષેત્રમાં મેઈક ઈન ઈન્ડિયા અંતર્ગત બનેલા હથીયારોથી દેશને એક લાખ સિત્તેર હજાર કરોડની બચત થઇ છે, જેને શ્રી નરેન્દ્રભાઇ મોદીએ "નામુમકીનને મુમકીન" કરી બતાવ્યું છે.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું હતું કે, દેશની એકતા અને અખંડિતતા તોડવાનો પ્રયાસ કરનાર વિચારધારાને દેશહિત અને દેશદાઝ ધરાવતાં લોકો ક્યારેય સમર્થન નહીં આપે. આજે કોંગ્રેસ જાતિવાદ, સંપ્રદાયવાદ, ધાર્મિક કટ્ટરતા ફેલાવીને દેશને તોડવાનો પ્રયત્ન કરી રહ્યું છે. કોંગ્રેસે પોતાના ઘોષણાપત્રમાં આ બધી જ બાબતો જણાવી છે. ૩૭૦ની કલમ દૂર નહીં કરીએ એવું કહીને અલગાવવાદી નેતાઓને બળ મળે તે માટે ખુલ્લુ સમર્થન આપ્યું છે. રાષ્ટ્રદ્રોહનો કાયદો હટાવીને ટુકડે ટુકડે ગેંગને સમર્થન આપ્યું છે. સેના ઉપર કાનુની કાર્યવાહી કરવા સરકારની પરવાનગી વગર મંજૂરી આપવાની વાત કરીને તેઓ શું કહેવા માંગે છે ?

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




શ્રી રૂપાણીએ વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ પાંચ વર્ષ સુધી દેશને સ્થિર અને મજબૂત સરકાર આપી છે. દેશ અને વિવિધ સમાજના સર્વાંગી વિકાસ માટે સ્થિર, પ્રમાણિક, મજબૂત અને સક્ષમ નેતૃત્વવાળી સરકાર જરૂરી છે. કોંગ્રેસ કે ગઠબંધનમાં આમાંનો એકપણ ગુણ જોવા મળતો નથી. ભાજપાની સરકાર ગરીબો, વંચિતો, કિસાનો, પિડીતો અને શોષીતો માટે કામ કરી રહી છે. ખેડૂતોને વાર્ષિક રૂ. ૬૦૦૦ આપવાની વાત કરી રહી છે. મધ્યમવર્ગના ત્રણ કરોડ કરદાતાઓને પાંચ લાખ સુધીની આવક પર કરમુક્તિ આપીને રાહત આપી છે. કિસાનો અને નાના વેપારીઓને ૬૦ વર્ષની ઉંમર પછી પેન્શન આપવાની જોગવાઇ કરી છે. આયુષ્યમાન ભારત યોજના હેઠળ ૫૦ કરોડ લોકોને પાંચ લાખ સુધીની તબીબી સહાય આપી રહી છે, જેનો અત્યાર સુધીમાં ૨૫ લાખ લોકો લાભ લઇ ચૂક્યા છે. આ સિવાય જનધન યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, ઉજાલા અને ઉજ્જ્વલા યોજના, શૌચાલય યોજના, મુદ્રા યોજના એમ ઘણી બધી યોજનાઓ ગરીબો માટે અમલમાં મૂકી છે.

શ્રી રૂપાણીએ જણાવ્યું હતું કે, હાલમાં દુનિયાના ૨૫ શક્તિશાળી દેશોની યાદી જાહેર થઇ, તેમાં ભારત ચોથા નંબર ઉપર છે. આપણાથી આગળ ફક્ત અમેરીકા, રશિયા અને ચીન છે. ભારત દેશ જે રીતે તેજ ગતિથી વિકાસની યાત્રા કરી રહ્યો છે તે જોતાં લાગે છે કે, આવનારા ભાજપાના શાસનના પાંચ વર્ષોમાં આ વિકાસની ગતિ વધુ રફતાર પકડશે અને દુનિયાના શક્તિશાળી દેશોની યાદીમાં ટોચના ક્રમાંકે પહોંચશે. આ બધુ શ્રી નરેન્દ્રભાઇ મોદી જેવા પ્રામાણીક, પરીશ્રમી અને રાષ્ટ્રભક્ત વડાપ્રધાનના કારણે જ શક્ય બન્યું છે.

દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી એ ગુજરાતી છે તેનું સમગ્ર ગુજરાતની જનતાને ગૌરવ છે. કોંગ્રેસ ગુજરાતને હંમેશા અન્યાય કરતી આવી છે અને એટલે જ કોંગ્રેસને ગુજરાતી વડાપ્રધાન વિરૂધ્ધ ખોટા અને પાયાવિહોણા જુઠ્ઠાણાઓ ફેલાવી તેમનો વિરોધ કરી રહી છે. આપણે સૌ ગુજરાતીઓએ કોંગ્રેસને બતાવી આપવવાનું છે કે, તમે ગમે તેટલો ભાજપા ઉપર કાદવ ઉછાળશો પણ કમળ તો એ જ કાદવમાં સોળે કળાએ ખીલી ઉઠશે. ભારતમાતાને ગૌરવવંતી બનાવવા આપણે પુન: શ્રી નરેન્દ્રભાઇ મોદીને વડાપ્રધાન પદે આરૂઢ કરવા શ્રી રમેશભાઇ ધડુકને દિલ્હી મોકલી આપવાના છે.

કેશોદ ખાતેની આ વિશાળ જનસભામાં પોરબંદર લોકસભાના ઉમેદવાર શ્રી રમેશભાઇ ધડુક, પોરબંદર લોકસભાના પ્રભારીશ્રી અને ઇન્ચાર્જશ્રી, પ્રદેશ અગ્રણીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ, જીલ્લા સંગઠનના હોદેદારશ્રીઓ, સ્થાનિક આગેવાનો, વિવિધ સમાજના અગ્રણીશ્રીઓ, સમર્થકો તેમજ વિશાળ સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૪ તા. ૧૫.૦૪.૨૦૧૯

**ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઇ શાહનો**
**બનાસકાંઠા લોકસભા વિસ્તારના ડીસા ખાતે ભવ્યાતિભવ્ય રોડ-શો યોજાયો.**

-----------

**રોડ-શૉના સમાપન બાદ રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઇ શાહ દ્વારા ડીસા ખાતે જંગી જાહેરસભાને સંબોધન**

-----------

**જૂઠું બોલવું, જોરથી બોલવું ને વારંવાર બોલવું - એ જ કોંગ્રેસની પ્રકૃતિ છે - શ્રી અમિતભાઇ શાહ**

-----------

**ભાજપાના પ્રત્યેક કાર્યકર્તાના શરીરમાં પ્રાણ હશે ત્યાં સુધી ભારતના ટુકડા નહીં થાય - શ્રી અમિતભાઇ શાહ**

-----------

**આજે રાહુલ ગાંધી કહી રહ્યા છે કે જો ૨૦૧૯માં અમારી સરકાર બનશે તો અમે દેશમાંથી ગરીબી હટાવીશું.**
**૫૫ વર્ષના શાસનમાં કોંગ્રેસના ગાંધી પરિવારે દેશમાંથી ગરીબી ન હટાવી પરંતુ દેશના ગરીબને મુખ્યધારામાંથી હટાવી દીધો.**

-----------

**ગુજરાત થી આસામ સુધી અને કશ્મીરથી કન્યાકુમારી સુધી સમગ્ર દેશમાં એક જ અવાજ છે, મોદી..મોદી..**
**આ નારો સમગ્ર દેશમાં એનડીએની સરકારે તેના કાર્યકાળ દરમ્યાન કરેલા લોકકલ્યાણકારી અને પ્રજાલક્ષી નિર્ણયોનો પડઘો છે**
**– શ્રી અમિતભાઇ શાહ**

-----------

**શ્રી નરેન્દ્રભાઈ મોદીની ભાજપા સરકારે ઓબીસી આયોગ વિધેયકને કોંગ્રેસના વિરોધ છતાં લોકસભા તેમજ રાજ્યસભામાં પસાર કરી દેશના ઓબીસી સમાજના લોકોને ન્યાય અપાવ્યો છે – શ્રી અમિતભાઇ શાહ**

-----------

આજરોજ ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહનો બનાસકાંઠા લોકસભા વિસ્તારના ડીસા ખાતે ભવ્ય લોકસંપર્ક રોડ-શો યોજાયો હતો.

ભવ્ય રોડ-શો બાદ ડીસા ખાતે વિશાળ જનસભાને સંબોધતા શ્રી શાહે જણાવ્યુ હતુ કે, તેજીને ટકોર જ કાફી હોય છે, હું આજે બનાસકાંઠાની આ પવિત્ર ધરા અને બટાકાનગરી તરીકે ખ્યાતનામ એવા ડીસા ખાતે આવ્યો છું, ત્યારે માં અંબાના ચરણોમાં વંદન કરી તેમજ બાલારામ મહાદેવને નમન કરી હું મારા સંબોધનની શરૂઆત કરવા માગું છું.

શ્રી અમિતભાઇ શાહે જણાવ્યું હતું કે, દેશભરમાં છેલ્લા સાડા ત્રણ મહિનામાં તેઓએ ૨૪૦થી વધારે લોકસભા વિસ્તારોમાં પ્રવાસ કર્યો છે. ગુજરાત થી આસામ સુધી અને કશ્મીરથી કન્યાકુમારી સુધી સમગ્ર દેશમાં એક જ અવાજ છે, મોદી..મોદી.. આ નારો સમગ્ર દેશમાં એનડીએની સરકારે તેના કાર્યકાળ દરમ્યાન કરેલા લોકકલ્યાણકારી અને પ્રજાલક્ષી નિર્ણયોનો પડઘો છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે છેલ્લા પાંચ વર્ષમાં દેશમાં જે લોકહિતના કાર્યો કર્યા છે, દેશની સુરક્ષા માટે જે કાર્યો કર્યા છે, દેશના ગરીબ માટે જે કાર્યો કર્યા છે, દેશના ખેડૂતો માટે જે કાર્ય કર્યા છે, આ પ્રત્યેક કાર્યોના પરિણામરૂપે આજે સમગ્ર દેશ "ફિર એક બાર મોદી સરકાર"ના નારા સાથે શ્રી નરેન્દ્રભાઈ મોદીને પ્રધાનમંત્રીપદ પર બેસાડવા જઈ રહ્યો છે.

શ્રી શાહે જણાવ્યું હતું કે, કોંગ્રેસને ચૂંટણી ટાણે જ ગરીબી યાદ આવે છે. જવાહરલાલ નેહરૂએ કીધેલું કે, ગરીબી હટાવીશું, ત્યાર બાદ ઈન્દિરા ગાંધીએ પણ આ જ વાત કરી, રાજીવ ગાંધીએ પણ ગરીબી હટાવો નારો આપ્યો તેમના પછી સોનિયા ગાંધીએ પણ જણાવ્યું કે કોંગ્રેસ ગરીબી હટાવશે અને હવે આજે રાહુલ ગાંધી કહી રહ્યા છે કે જો ૨૦૧૯માં અમારી સરકાર બનશે તો અમે દેશમાંથી ગરીબી હટાવીશું. ચાર-ચાર પેઢી સુધી અને ૫૫ વર્ષ સુધીના શાસન દરમિયાન જે લોકો ગરીબોના ઉત્થાન માટે કંઈ જ ન કરી શક્યા તેવા લોકો આજે ગરીબી હટાવવાની વાત કરી રહ્યા છે. ૫૫ વર્ષના શાસનમાં કોંગ્રેસના ગાંધી પરિવારે દેશમાંથી ગરીબી ન હટાવી પરંતુ દેશના ગરીબને મુખ્યધારામાંથી હટાવી દીધો.

..૨..

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




વધુમાં શ્રી અમીતભાઇ શાહે જણાવ્યુ હતુ કે, આપણો દેશ અત્યારે સુરક્ષિત, મજબૂત અને રાષ્ટ્રનિર્માણ માટે સિદ્ધાંતો સાથે વરેલા શ્રી નરેન્દ્રભાઇ મોદીના સફળ નેતૃત્વ હેઠળ જનકલ્યાણના કાર્યો સાથે આગળ વધી રહ્યો છે. આ સરકારે નાના વેપારીઓને જીએસટીમાંથી મુક્તિ, ઓબીસી પંચની મંજૂરી આપી આ સમાજને સંવિધાનિક અધિકારો આપ્યા, સવર્ણ સમાજને ૧૦ ટકા રિઝર્વેશન જેવા ક્રાંતિકારી નિર્ણયો કર્યા હોવાનું જણાવીને શ્રી અમિત શાહે આવનારા પાંચ વર્ષમાં દેશને વિશ્વમાં મહાસત્તા બનાવવા માટેનો દ્રઢ નિર્ધાર અહીં વ્યક્ત કર્યો હતો.

દેશના દરેક સમાજના પ્રશ્નોની ચિંતા શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કરી છે, ગરીબ સવર્ણોને ૧૦ ટકા આર્થિક આરક્ષણ આપીને તેમની વર્ષો જૂની માગણી પૂર્ણ કરવાનું ભગીરથ કાર્ય કર્યું છે.

શ્રી શાહે જણાવ્યુ હતુ કે, સુપ્રીમ કોર્ટમાં રાફેલ મુદ્દાની સુનાવણી ચાલી રહી છે ત્યારે કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ રાફેલ મુદ્દે ભ્રામક ટિપ્પણીઓ કરી હતી. આજે સુપ્રીમ કોર્ટે રાહુલ ગાંધીને નોટિસ આપી જવાબ માગ્યો છે. જૂઠું બોલવું, જોરથી બોલવું ને વારંવાર બોલવું - એ જ કોંગ્રેસની પ્રકૃતિ છે.

કોંગ્રેસ પોતાનું માનસિક સંતુલન ગુમાવી ચૂકી છે, શું કરવું કે શું ન કરવું તેની કોંગ્રેસને કંઈ ખબર જ પડતી નથી.

હું દેશભરમાં જ્યાં પણ જાઉં તો વિપક્ષને પૂછું છું કે, તમારો પ્રધાનમંત્રી પદના ઉમેદવાર તો જણાવો ! કોંગ્રેસ અને વિપક્ષ પાસે ન તો નીતિ છે, ન નેતા છે, કે ન સિધ્ધાંત છે. ફક્ત સ્વાર્થ માટે ભેગી થયેલી ટોળકી છે. ૫૫ વર્ષ સુધી ચાર પેઢીઓ સુધી કોંગ્રેસમાં એક જ પરિવારે રાજ કર્યું છે અને ગરીબ કલ્યાણની માત્રને માત્ર વાતો જ કરી છે. છેલ્લા પાંચ વર્ષોમાં અનેકવિધ યોજનાઓથી ગરીબોના જીવનમાં અજવાળું લાવવાનું કાર્ય શ્રી નરેન્દ્રભાઈ મોદીની ભાજપા સરકારે કર્યું છે.

ભાજપાના સંકલ્પપત્રનો ઉલ્લેખ કરતા શ્રી શાહે જણાવ્યું હતું કે, આગામી સમયમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નાના વેપારીઓને તેમજ સીમાંત ખેડૂતોને ૬૦ વર્ષની વય પછી પેન્શન આપવા માટે કટિબદ્ધતા દર્શાવી છે. કિસાન સન્માન નિધિ યોજના હેઠળ બે હેક્ટરથી વધુ જમીનમાં ધરાવતા ખેડૂતોને પણ આવરી લેવાશે.

શ્રી શાહે જણાવ્યું હતું કે, ભૂતકાળમાં આતંકવાદીઓ અને પાકિસ્તાનની સેના ભારતીય સૈન્યના જવાનોનું માથું કાપીને લઈ જતા હતા ત્યારે સમગ્ર દેશમાં આક્રોશ ફેલાયેલો રહેતો હતો, કોંગ્રેસની સરકાર આતંકવાદીઓને જવાબ આપવા માટે કોઈ ઈચ્છાશક્તિ દર્શાવતી ન હતી. જ્યારે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારમાં આજે દરેક નાપાક હરકતો સામે ઈંટનો જવાબ પથ્થરથી આપવામાં આવે છે. અમેરિકા, ઈઝરાયેલ પછી ભારત વિશ્વનો ત્રીજો દેશ છે જે દુશ્મન દેશના ઘરમાં ઘુસીને દુશ્મનોનો સફાયો કરે છે.

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે બનાસકાંઠા માટે ઘણા મહત્વના કાર્યો કર્યા છે. પાલનપુર મેડિકલ કોલેજ, સરહદી વિસ્તાર નડાબેટના વિકાસ માટે રૂપિયા ૪૯ કરોડ આપવાની જાહેરાત કરી છે. આ ઉપરાંત કપાસ મગફળીની ટેકાના ભાવે ઐતિહાસિક ખરીદી કરવામાં આવી છે. બનાસકાંઠાના પૂર પીડિત ક્ષેત્રોમાં ૫૦૦ કરોડ રૂપિયાની વિશેષ સહાય આપી છે.

શ્રી શાહે વિજય સંકલ્પની મુઠી વાળીને "ભારત માતા કી જય"ના જયઘોષ સાથે સૌને હાકલ કરતાં જણાવ્યું હતું કે, ચાલી રહેલી લોકસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી અને સાથી પક્ષોનો ભવ્ય વિજય નિશ્ચિત છે ફિર એક બાર મોદી સરકાર બનવી નિશ્ચિત છે. દેશની વિકાસયાત્રાને આગળ વધારવા માટે શ્રી નરેન્દ્રભાઈ મોદીને પ્રધાનમંત્રીપદ પર બેસાડવા માટે બનાસકાંઠાની જનતાને કમળનું બટન દબાવી પ્રચંડ બહુમતી સાથે ભાજપાના લોકસભાના ઉમેદવારને વિજયી બનાવવા માટે અપીલ કરી હતી તથા ૨૦૨૪ સુધીમાં ભારત ગુજરાતના પનોતા પુત્ર શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વિશ્વમાં મહાસત્તા તરીકે પ્રસ્થાપિત થશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો

આ પ્રસંગે ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણી, કેન્દ્રીય મંત્રીશ્રી હરિભાઈ ચૌધરી, પ્રદેશ મહામંત્રીશ્રી કે.સી.પટેલ, ભાજપાના બનાસકાંઠાના ઉમેદવાર શ્રી પરબતભાઈ પટેલ, ધારાસભ્યશ્રીઓ, પ્રદેશ અગ્રણીશ્રીઓ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ, જિલ્લા પ્રમુખ મહામંત્રીશ્રીઓ તથા વિશાળ સંખ્યામાં કાર્યકર્તાઓ અને સમર્થકો ઉપસ્થિત રહ્યા હતા.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૫ તા. ૧૫.૦૪.૨૦૧૯

-----------

## મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રીશ્રી શિવરાજસિંહજી ચૌહાણ આવતીકાલે ગુજરાતના પ્રવાસે

-----------

## કેન્દ્રીય મંત્રી શ્રીમતી સ્મૃતિ ઈરાનીજી તારીખ ૧૭ એપ્રિલે ગુજરાતના પ્રવાસે

-----------

ભાજપા પ્રદેશ મીડિયા સેલની યાદી જણાવે છે કે, આગામી લોકસભા ચૂંટણીના અનુસંધાને છોટાઉદેપુર અને અમદાવાદ પૂર્વ લોકસભા ક્ષેત્રના ભાજપાના ઉમેદવારોના સમર્થનમાં આવતીકાલે તારીખ ૧૬ એપ્રિલ, ૨૦૧૯ના રોજ **મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રીશ્રી શિવરાજસિંહજી ચૌહાણ** તથા તારીખ ૧૭ એપ્રિલ, ૨૦૧૯ના રોજ **કેન્દ્રીય મંત્રી શ્રીમતી સ્મૃતિ ઈરાનીજી** ચૂંટણી પ્રચાર અંતર્ગત જાહેર સભાઓ સંબોધશે.

## મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રીશ્રી શિવરાજસિંહજી ચૌહાણનો વિગતવાર કાર્યક્રમ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૧૬.૦૪.૨૦૧૯ મંગળવાર | સવારે ૧૦.૦૦ કલાકે | **છોટાઉદેપુર લોકસભા (હાલોલ વિધાનસભા)** - જાહેર સભા<br>**સ્થળ -** ઢીકવા ચોકડી, પાવાગઢ બાયપાસ રોડ. |
| | બપોરે ૦૧.૩૦ કલાકે | **સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાતે - જીલ્લો નર્મદા** |
| | સાંજે ૦૭.૩૦ કલાકે | **અમદાવાદ પૂર્વ લોકસભા (ગાંધીનગર દક્ષિણ વિધાનસભા)** - જાહેર સભા<br>**સ્થળ -** શગુન ફાર્મ પાર્ટીપ્લોટ, ભાટ રોડ, ભાટ ગામ, ગાંધીનગર. |
| | રાત્રે ૦૯.૦૦ કલાકે | **અમદાવાદ પૂર્વ લોકસભા (બાપુનગર વિધાનસભા)** - જાહેર સભા<br>**સ્થળ -** સરસપુર ચાર રસ્તા, બાપુનગર, અમદાવાદ |

## કેન્દ્રીય મંત્રી શ્રીમતી સ્મૃતિ ઈરાનીજીનો વિગતવાર કાર્યક્રમ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૧૭.૦૪.૨૦૧૯ બુધવાર | સવારે ૧૦.૦૦ કલાકે | **પાટણ લોકસભા (પાટણ વિધાનસભા)** - જાહેર સભા<br>**સ્થળ -** મેદાન, પટેલ ઓટો મોબાઈલ પાછળ, હોટલ રવેટા પાસે, પાટણ |
| | બપોરે ૦૩.૩૦ કલાકે | **સોમનાથ મંદિર દર્શનાર્થે** |
| | સાંજે ૦૪.૩૦ કલાકે | **જુનાગઢ લોકસભા (વેરાવળ વિધાનસભા)** - જાહેર સભા<br>**સ્થળ -** ગાર્ડન ચોક, વેરાવળ. |
| | સાંજે ૦૬.૩૦ કલાકે | **પોરબંદર લોકસભા (ગોંડલ વિધાનસભા)** - જાહેર સભા<br>**સ્થળ –** માંડવી ચોક, ગોંડલ. |
| | રાત્રે ૦૮.૪૫ કલાકે | **રાજકોટ લોકસભા (રાજકોટ પૂર્વ વિધાનસભા)** - જાહેર સભા<br>**સ્થળ –** પાણીઘોડા, પેડક રોડ, રાજકોટ |

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૬ તા. ૧૫.૦૪.૨૦૧૯

**પ્રજાની પરસેવાની કમાણીના કરવેરાના નાણાંથી ભરેલી તિજોરી ઉપર કોઇ લુંટારાઓ તેમનો કાળો પંજો પાડી, લૂંટી ના જાય તેની ચોકીદારી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી કરી રહ્યાં છે તેથી આ ચોરોને ગમતાં નથી – શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

**દેશભરમાં ચાલી રહેલ લોકતંત્રના આ મહોત્સવમાં કોંગ્રેસ દ્વારા જુઠ્ઠાણાઓ અને વાયદાઓ મારફતે દેશની ભોળી જનતાને છેતરી યેનકેન પ્રકારે સત્તા હાંસલ કરવાનાં નિરર્થક પ્રયાસો કરી રહી છે – શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

**વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી દેશમાં અને વિદેશોમાં સર્વ સ્વિકૃત નેતા છે – શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

**દેશમાં વડાપ્રધાન તરીકે શ્રી નરેન્દ્રભાઇ મોદી સત્તારૂઢ થયાં બાદ તેઓની કુશળ કુટનીતી, દીર્ઘદ્રષ્ટિ, સબળ અને સક્ષમ નેતૃત્વના કારણે વિદેશી મૂડી રોકાણમાં ખૂબ મોટો વધારો થયો છે – શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

**દેશમાં તેજ ગતિથી થઇ રહેલાં વિકાસના કારણે દેશની જનતા અને વિદેશોમાં વસતાં ભારતીયો અને વિદેશી નાગરિકો પણ ભારત દેશના વડાપ્રધાન તરીકે શ્રી નરેન્દ્રભાઇ મોદીને જ જોવા ઇચ્છુક છે – શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

આજરોજ રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ પોરબંદર લોકસભા બેઠકના ઉમેદવાર શ્રી રમેશભાઇ ધડુકના સમર્થનમાં ઉપલેટા ખાતે એક વિશાળ જનમેદનીને સંબોધન કરતાં જણાવ્યું હતું કે, આ ચૂંટણી એ ચોકીદાર સામે ચોરોની ચૂંટણી છે. દિલ્હીમાં પ્રજાની પરસેવાની કમાણીના કરવેરાના નાણાંથી ભરેલી તિજોરી ઉપર કોઇ લુંટારાઓ તેમનો કાળો પંજો પાડી, લૂંટી ના જાય એટલે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી આ ચોરોને ગમતાં નથી. ૨૦૧૪ પહેલાંની સરકાર અને તેમના સમર્થક ઠગબંધનોની તેમજ તેમના મળતીયાઓની દુકાનો બંધ થઇ ગઇ છે, ત્યારે દેશના ખૂણે ખૂણે જઇ મોદી હટાવો.... મોદી હટાવો.... ના નારા લગાવી રહ્યાં છે. આ લોકો જાણે છે કે, જો શ્રી નરેન્દ્રભાઇ મોદી હજુ બીજા પાંચ વર્ષ સત્તામાં રહેશે તો, આપણે સૌ એ જેલભેગા થવું પડશે.

શ્રી રૂપાણીએ વધુમાં જણાવ્યું હતું કે, પહેલાં કોંગ્રેસના કુશાસન દરમ્યાન કેન્દ્ર સરકારમાંથી પ્રજાકલ્યાણ માટે નીકળતા રૂપિયામાંથી સરકારના જ વચેટીયાઓ અને દલાલો ૮૫ પૈસા ખાઇ જતાં હતાં, અને ગરીબો અને જરૂરીયાત મંદોને માત્ર ૧૫ પૈસા જ મળતાં હતાં. કોંગ્રેસ પોતાની જુની થિયરીને અનુસરવા માટે લોકતંત્રના આ મહોત્સવમાં કોંગ્રેસ અને તેના સમર્થક ઠગબંધનોને મોદી સરકારની કામગીરી પસંદ નથી આવતી. દેશભરમાં ચાલી રહેલ લોકતંત્રના આ મહોત્સવમાં કોંગ્રેસ દ્વારા જુઠ્ઠાણાઓ અને વાયદાઓ મારફતે દેશની ભોળી જનતાને છેતરી યેનકેન પ્રકારે સત્તા હાંસલ કરવાનાં નિરર્થક પ્રયાસો કરી રહી છે, પરંતુ દેશ અને ગુજરાતની જનતા શાણી અને સમજુ છે. તેઓને કેન્દ્ર અને રાજ્યની સરકારો દ્વારા વિકાસ કાર્યો અને જનતા માટે લાગુ કરવામાં આવેલ વિવિધ અસરકારક યોજનાઓ થકી તેઓને મળેલ લાભોને જોઇ, સ્પષ્ટ જનાદેશ આપી રાષ્ટ્રભક્ત શ્રી નરેન્દ્રભાઇ મોદીને ફરી એકવાર વડાપ્રધાન પદે બેસાડવાનો નિર્ણય કરી લીધો છે.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



શ્રી રૂપાણીએ વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી દેશમાં અને વિદેશોમાં સર્વ સ્વિકૃત નેતા છે. પહેલાંની ભ્રષ્ટ સરકારોના કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતની છબી ખરડાયેલી હતી, અને તેના જ કારણે વિદેશોનું મૂડી રોકાણ ભારતમાં આવતું ન હતું, પરિણામે દુનિયાના શક્તિશાળી દેશો જે કહેતાં તે ભારતે કરવું પડતું, જ્યારે આજે તેનાથી વિપરીત પરિસ્થિતી છે. દેશમાં વડાપ્રધાન તરીકે શ્રી નરેન્દ્રભાઇ મોદી સત્તારૂઢ થયાં બાદ તેઓની કુશળ કુટનીતી, દીર્ઘદ્રષ્ટિ, સબળ અને સક્ષમ નેતૃત્વના કારણે વિદેશી મૂડી રોકાણમાં ખૂબ મોટો વધારો થયો છે. દેશમાં વિવિધ ક્ષેત્રે રોજગારીની નવી તકોનું નિર્માણ થયું, નવી ટેકનોલોજીનો વિકાસ થયો, દેશ આર્થિક રીતે સમૃધ્ધ બન્યો. આ તમામ વિકાસલક્ષી પગલાંઓથી આકર્ષાઇને દુનિયાના શક્તિશાળી દેશો ભારત તરફ આકર્ષિત થયા અને ભારતના વિપરીત સંજોગોમાં પણ એકજુટ થઇ દેશની પડખે ઉભા રહ્યાં છે. આ બધુ શ્રી નરેન્દ્રભાઇ મોદીના કારણે જ શક્ય બન્યું છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના સબળ અને સક્ષમ નેતૃત્વ હેઠળ આર્થિક સમૃધ્ધિ, સુરક્ષા, સફળ વિદેશનીતિની સાથોસાથ અંતરીક્ષ ક્ષેત્રમાં પણ વિશિષ્ટ સિધ્ધી હાંસલ કરી છે.

શ્રી રૂપાણીએ અંતમાં જણાવ્યું હતું કે, શ્રી નરેન્દ્રભાઇ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતાં ત્યારે ગુજરાતના અવિરત વિકાસ યાત્રા થકી ગુજરાતની છબી દેશમાં એક સમૃધ્ધ રાજ્ય તરીકે ઉપસાવી ગુજરાતને દેશમાં એક રોલ મોડલ તરીકે સ્થાપિત કર્યો હતો. અને હવે ૨૦૧૪ પછી દેશના સબળ અને સક્ષમ વડાપ્રધાન તરીકે દેશમાં તેજ ગતિથી થઇ રહેલાં વિકાસના કારણે દેશની જનતા અને વિદેશોમાં વસતાં ભારતીયો અને વિદેશી નાગરિકો પણ ભારત દેશના વડાપ્રધાન તરીકે શ્રી નરેન્દ્રભાઇ મોદીને જ જોવા ઇચ્છુક છે, ત્યારે ગુજરાતમાં યોજાનાર ત્રીજા તબક્કાની ચૂંટણીમાં પોરબંદર લોકસભા બેઠક પરથી શ્રી રમેશભાઇ ધડુકને દિલ્હી મોકલવા આહવાન કર્યું હતું.

શ્રી વિજયભાઇ રૂપાણીની ઉપલેટા ખાતેની જનસભામાં પોરબંદર લોકસભા બેઠકના ઉમેદવાર શ્રી રમેશભાઇ ધડુક, લોકસભા ચૂંટણીના પ્રભારી, ઇન્ચાર્જશ્રી, ધારાસભ્યશ્રીઓ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ, જીલ્લા સંગઠનના હોદેદારો અને વિશાળ સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ